# જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી સુરત

બ્લોક નં.૧.ત્રીજો માળ, જિલ્લા સેવા સદન-૨ અઠવાલાઈન્સ સુરત- ૩૯૫૦૦૧

:- ૦૨૬૧-૨૬૬૨૯૦૩ @ suratdeo@gmail.com

Fax no:-૦૨૬૧-૨૬૬૨૯૦૨ web :-www.suratdeo.org


જા.નં.મા-૨/૨૦૨૪ 18959 તા.૧૮/૦૬/૨૦૨૪ 19

પ્રતિ,

આચાર્યશ્રી,

સુરત જિલ્લાની તમામ રજીસ્ટર માધ્યમિક/ઉ.મા.શાળાઓ

સુરત શહેરની બિનસરકારી ગ્રાન્ટેડ/નોન ગ્રાન્ટેડ/ પ્રાથમિક શાળાઓ તરફ.

વિષયઃ- ચોમાસાની ઋતુમાં તકેદારી રાખવા બાબત.

સંદર્ભ:- ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ ગાંધીનગરનો પત્ર ક્રમાંક નં. મઉમશબ/શાનિ/૨૫૭૫૧/૮૫ તા.૧૨/૦૬/૨૦૨૪

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે ચોમાસાની ઋતુમાં શાળાઓમાં નીચે મુજબ તકેદારી રાખવા જણાવવામાં આવે છે.

૧. આગામી ચોમાસાની ઋતુને ધ્યાન રાખી શાળાના મકાનનો કોઈ ભાગ જર્જરિત કે ભયજનક હોય તો તોડી નાંખવા અંગેની કાર્યવાહી કરવી. આવા વર્ગખંડોમાં વિદ્યાર્થીને બેસાડવા નહિ. આવા પ્રકારના ભયજનક બાંધકામ વાળા રૂમોમાં વિદ્યાર્થી ન જાય તેની ખાસ કાળજી રાખવી.

૨. ચોમાસા દરમિયાન વીજળીનો કરંટ લાગવાની ઘટના ન બને તે માટે વીજળી જોડાણની ચકાસણી કરી લેવાની રહેશે.

૩. ચોમાસામાં અતિવૃષ્ટી/પૂર જેવી હોનારતમાં વિદ્યાર્થીની સલામતી ધ્યાને રાખી સ્થાનિક પરિસ્થિતીને મુજબ શાળામાં રજા રાખવા બાબતે શાળા કક્ષાએ નિર્ણય લેવાનો રહેશે પરતુ તેની જાણ શક્ય હોય તેટલી વહેલી અત્રેની કચેરીને કરવાની રહેશે.

૪. ચોમાસા દરમિયાન કુદરતી આપત્તિ સામે રક્ષણ મેળવવા વિસ્થાપિતોને સુવિધા આપવા સલામત સ્થળે ખસેડવાની જરૂરિયાત ઊભી થતી હોય છે. આ પ્રકારની પરિસ્થિતિમાં શાળાના મકાનની જરૂરિયાત ઊભી થાય ત્યારે શાળા મકાનનો કબજો સહેલાઇથી મેળવી શકાય તે માટે શાળાની ચાવી જેની પાસે રહે તેની વિગત SVS-કન્વીનરને મોકલી આપવી SVS-કન્વીનરનો મોબાઇલ નંબર અવશ્ય રાખવાનો રહેશે.

૫. અગત્યનાં ફોન નંબર જેવાં કે હોસ્પિટલ, એમ્બ્યુલન્સ, સ્વૈચ્છિક સંસ્થાઓ, ફાયર બ્રિગેડ, પોલીસ, વગેરે હાથ પર રાખવા.

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત.જિલ્લો.સુરત

બિડાણ :- ઉકત પરિપત્રની નકલ

ક્રમાંક:મઉમશબ/શાનિ/25751/85
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ
સેકટર-૧૦/બી, જુના સચિવાલય
પાસે,ગાંધીનગર. તા. 12/6/24

પ્રતિ,

જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી,
તમામ.

વિષય:- સને ૨૦૨૪ના ચોમાસા અગાઉ ભારે વરસાદ,પૂર,વાવાઝોડા જેવી આફત પહેલા મકાનો માટે લેવાના થતા સાવચેતીના પગલા બાબત.

સંદર્ભ:-સચિવશ્રી,માર્ગ અને મકાન વિભાગ ગાંધીનગરના પત્ર ક્રમાંક:પરચ/૧૦/૨૦૨૪/ ૬૫૪/ન તા.૧૬/૫/૨૦૨૪.

ઉપરોક્ત વિષય અને સંદર્ભદર્શિત પત્ર અન્વયે જણાવવાનું કે, સને ૨૦૨૪ના ચોમાસા અગાઉ ભારે વરસાદ,પૂર,વાવાઝોડા જેવી આફત પહેલા મકાનો માટે લેવાના થતા સાવચેતીના પગલા બાબત ધ્યાને લેવા જણાવેલ છે.

ઉક્ત બાબતે જણાવવાનું કે તમામ સરકારી મકાનોમાંથી જર્જરીત મકાનોના સર્વે વહેલી તકે પૂર્ણ થાય તે માટે જરૂરી કાર્યવાહી હાથ ધરવાની સુચના આપવામાં આવેલ આ બાબતે આગામી ચોમાસુ શરૂ થાય તે પહેલા સાવચેતીના પગલા સમયસર ભરવા જરૂરી છે જે અન્વયે આપના તાબા હેઠળ સરકારી,અનુદાનિત,બિન અનુદાનિત, તમામ શાળાઓ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાના મકાનોમાં પ્રિ-મોન્સૂન એક્ટિવિટીના ભાગ રૂપે ધાબા સફાઇ,વોટર સ્પાઉટ ખુલ્લા કરવા તથા જુના અને જર્જરીત મકાનોની તોડી પાડવાની કાર્યવાહી ઝડપથી પૂર્ણ કરવા તેમજ તોડી પાડવાની મંજુરી બાકી હોય તો બિન વપરાશમાં મુકી ફરતે બેરિકેડીંગની કાર્યવાહી કરવા જણાવવામાં આવે છે.

બિડાણ:- સંદર્ભદર્શિત પત્ર .

જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી, સુરત.
આવક નંબર :- 3508
તારીખ :- 14/6/24

(એન.જી.વ્યાસ) 12/6/24
સચિવ,
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર

E:\D.K\Types Of Letters\E-dipak.letter.docx

e-tappal - 11707

सत्यमेव जयते

ટેલીફોન : ૦૭૯-૨૩૨ ૫૧૮૦૧/૨
ફેક્સ : ૦૭૯-૨૩૨ ૫૨૫૦૯
ઇ-મેઇલ : secrnb@gujarat.gov.in

**ગુજરાત સરકાર**
**માર્ગ અને મકાન વિભાગ**
૧૪/૨, સરદાર ભવન, સચિવાલય,
ગાંધીનગર - ૩૮૨૦૧૦ (ગુજરાત)
તા. ૧૬/૦૫/૨૦૨૪

**એ. કે. પટેલ**
સચિવ
ક્રમાંક : પરચ/૧૦/૨૦૨૪/૬૫૪/ન

પ્રતિ,
સર્વે અધિક મુખ્ય સચિવશ્રીઓ/
અગ્ર સચિવશ્રીઓ /સચિવશ્રીઓ
સચિવાલય, ગાંધીનગર

વિષય : સને ૨૦૨૪ના ચોમાસા અગાઉ ભારે વરસાદ, પૂર, વાવાઝોડા જેવી આફત પહેલાં મકાનો માટે લેવાના થતાં સાવચેતીના પગલાં બાબત

શ્રીમાન,

રાજ્યના દરેક વિભાગોના તમામ સરકારી મકાનોમાંથી જર્જરિત મકાનોના સર્વે વહેલી તકે પૂર્ણ થાય તે માટે જરૂરી કાર્યવાહી હાથ ધરવાની સૂચના આપવામાં આવેલ. આ બાબતે આગામી ચોમાસુ શરૂ થાય તે પહેલા સાવચેતીના પગલાં સમયસર ભરવા જરૂરી છે. જે અન્વયે આપના વિભાગ હસ્તકના સરકારી રહેણાંક તથા બિનરહેણાંકના મકાનોમાં પ્રિ-મોન્સૂન એક્ટિવિટીના ભાગ રૂપે ધાબા સફાઇ, વોટર સ્પાઉટ ખુલ્લા કરવા તથા જૂના અને જર્જરિત મકાનોની તોડી પાડવાની કાર્યવાહી ઝડપથી પૂર્ણ કરવા તેમજ તોડી પાડવાની મંજૂરી બાકી હોય તો બિન વપરાશમાં મૂકી ફરતે બેરિકેડીંગની કાર્યવાહી કરવા આપના વિભાગ હસ્તકની તાબાની કચેરીઓ પાસે જરૂરી સૂચનાઓ આપવા વિનંતી છે.

Secy, GS to issue instruction to all Govt./GIA & pvt. schools

Ketan Modi to all Principals/ Registrars/ Trustees & colleges/ Univs

આપનો વિશ્વાસુ

(એ.કે.પટેલ)
સચિવ
માર્ગ અને મકાન વિભાગ

**નકલ રવાના જાણ તેમજ જરૂરી કાર્યવાહી સારૂ:**

- શાખા સિલેક્ટ ફાઇલ – ૨૦૨૪